# ફ્રી 'પેટ્રોલ લંગર'ની જાહેરાતથી ચંડીગઢમાં ભીડ જામી

**વરસાદથી** કાર્યક્રમ રદ.ટુ-વ્હીલર-થ્રી-વ્હીલર માલિકોને રૂ. 500 અને ફોર-વ્હીલર માલિકોને રૂ. 1,000ના કૂપન આપવાના હતા, હવે શુક્રવારથી 3 દિવસ વિતરણ થશે

**રાજા** ડી કિંગ ભવિષ્યમાં આઈફોન પણ વહેંચશે, 90 ટકા સંપત્તિ દાન કરશે

ચંદીગઢ, તા. 19 (પીટીઆઈ): સોશિયલ મીડિયા પર એક વ્યક્તિએ 'પેટ્રોલ લંગર' હેઠળ મફત પેટ્રોલ કૂપન આપવાની જાહેરાત કરતા ચંડીગઢના એક પેટ્રોલ પંપ પર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. જોકે, શહેરમાં ભારે વરસાદ પડતા કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો.

'રાજા ડી કિંગ' તરીકે ઓળખાતા રાકેશ ત્રેહાને મંગળવારે સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને જણાવ્યું હતું કે 18 ઓગસ્ટે 'પેટ્રોલ લંગર' યોજવાનો હતો, પરંતુ ભારે વરસાદને કારણે લોકોને મુશ્કેલી ન પડે તે માટે કાર્યક્રમ મુલતવી રાખ્યો હતો.યોજના હેઠળ ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર માલિકોને રૂ. 500 તથા ફોર-વ્હીલર માલિકોને રૂ. 1,000ના મફત પેટ્રોલ કૂપન આપવાના હતા. ત્રેહાને સાંજે અન્ય વીડિયો દ્વારા જણાવ્યું કે વરસાદમાં લોકોને ભીંજાવું ન પડે તે માટે કાર્યક્રમ હવે શુક્રવારે યોજાશે અને કૂપનનું વિતરણ રવિવાર સુધી 3 દિવસ ચાલશે. જોકે અગાઉની જાહેરાતને આધારે મંગળવારે સાંજે સેક્ટર 10ના નિર્ધારિત પેટ્રોલ પંપ પાસે મોટી સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. કલાકો સુધી રાહ જોનારા કેટલાક લોકોએ મફત કૂપન ન મળ્યાની ફરિયાદ કરી હતી. એક યુવકે જણાવ્યું કે ભારે વરસાદ છતાં તે 2 કલાકથી રાહ જોઈ રહ્યો હતો, પરંતુ કૂપન મળ્યું નહોતું અને હવે શુક્રવારે કૂપન આપવાની વાત કરવામાં આવી રહી છે.

તાજેતરમાં ત્રેહાને પોતાની 90 ટકા સંપત્તિ દાન કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું હતું કે પિતા પાસેથી વારસામાં મળેલી મોટાભાગની સંપત્તિ ઉપરાંત પોતાની 90 ટકા સંપત્તિ પણ દાન કરશે. તે ક્રિપ્ટો ટ્રેડર રહી ચૂક્યો છે અને શેરબજારમાં પણ રોકાણ કર્યું હોવાનું તેણે જણાવ્યું હતું. તેણે અગાઉ જરૂરિયાતમંદોને ખાદ્યસામગ્રી સાથે રૂ. 500ની નોટોનું વિતરણ કર્યું હતું, તેણે દાવો કર્યો છે કે બીજી વખત તે આઈફોન વહેંચશે.

# PM CARES ફંડના પૈસાથી ગ્રામીણ શાળાઓની સ્થિતિ સુધારો: દીપકે

**Rs 8,500** કરોડ ફંડમાં પડ્યા છે અને શાળામાં પાયાની સુવિધાઓ માટે બાળકો વલખાં મારી રહ્યા છે

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ): કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ બુધવારે કહ્યું કે PM CARES ફંડનો ઉપયોગ ગ્રામીણ શાળાઓની માળખાકીય સુવિધાઓ સુધારવા અને 1,000થી વધુ નવી હાઈટેક શાળાઓ બનાવવા માટે થઈ શકે છે. CJPએ ગ્રામીણ શાળાઓની સ્થિતિ ઉજાગર કરવા 'સ્કૂલ ઠીક કરો' અભિયાન શરૂ કર્યું છે. દીપકેએ દાવો કર્યો કે દેશનાં બાળકો શાળાએ જવા માટે સારા રસ્તા, શાળામાં યોગ્ય બેન્ચ અને પીવાનું પાણી માગી રહ્યાં છે. PM CARES ફંડમાં 31 માર્ચ 2025 સુધી Rs 8,452 કરોડનું બેલેન્સ હતું, જે એક વર્ષ અગાઉ Rs 7,173 કરોડ હતું. 2024-25 દરમિયાન ફંડમાંથી Rs 87.85 લાખની ચૂકવણી કરવામાં આવી હતી, જ્યારે અગાઉના નાણાકીય વર્ષમાં આ રકમ Rs 15.6 કરોડ હતી.

દીપકેએ એક્સ પર વીડિયો સંદેશમાં કહ્યું કે એક તરફ Rs 8,500 કરોડ ફંડમાં પડ્યા છે અને બીજી તરફ બાળકો શાળાની મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યાં છે. તેમના મતે, જો એક સારી સુવિધાસભર મોડલ શાળા બનાવવા માટે આશરે Rs 8 કરોડનો ખર્ચ થાય તો Rs 8,500 કરોડમાંથી 1,000થી વધુ હાઈટેક મોડલ શાળાઓ બનાવી શકાય.

મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોની તાજેતરની મુલાકાતનો ઉલ્લેખ કરતાં દીપકેએ કહ્યું કે શાળાઓની સ્થિતિ ખૂબ ખરાબ છે. અધિકારીઓએ તેમને ભંડોળની અછત હોવાનું જણાવ્યું હતું. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને PM CARES ફંડનો ઉપયોગ ગરીબ બાળકોના શિક્ષણ અને શાળાઓ માટે કરવાની અપીલ કરી હતી.

ઓડિટ રિપોર્ટ મુજબ ફંડના Rs 8,452 કરોડમાંથી Rs 7,846 કરોડ ફિક્સ્ડ ડિપોઝિટમાં અને Rs 605 કરોડ સેવિંગ્સ બેન્ક ખાતામાં છે.

# પુણેમાં જામફળની લાલચ આપી 9 વર્ષની બાળકી પર બળાત્કાર બાદ હત્યા

**પાડોશમાં** રહેતા મજૂરે ગુનો કબૂલ્યો

પુણે, તા. ૧૯ (PTI) મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં પડોશમાં રહેતી સાડા નવ વર્ષની એક બાળકી પર એક પુરુષે કથિત રીતે બળાત્કાર ગુજારીને તેની હત્યા કરી નાખી હોવાનું પોલીસે બુધવારે જણાવ્યું હતું.

આ ઘટના મંગળવારે બપોરે જુન્નર તાલુકાના પિંપળવંડી ગામમાં બની હતી, તેમ જણાવતા પોલીસે ઉમેર્યું હતું કે, ૨૫ વર્ષીય આરોપી, જે રોજમદાર મજૂર છે, તેની અટકાયત કરવામાં આવી છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવારે આ ઘટનાને અત્યંત આઘાતજનક અને દુઃખદ ગણાવી હતી અને પોલીસને ઝીણવટભરી તપાસ કરવા તથા ગુનેગાર સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યા હતા. પવારે જણાવ્યું હતું કે, તેઓ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને આ કેસ ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં ચલાવવા માટે વિનંતી કરશે.

પુણે ગ્રામીણ પોલીસ અધિક્ષક (એસપી) સંદીપ સિંહ ગિલે જણાવ્યું હતું કે, આરોપી અને પીડિતા એકબીજાને ઓળખતા હતા.

"આરોપી અને પીડિતા બંને એક જ પડોશમાં રહેતા હતા અને એક જ સમુદાયના છે."

ગિલે જણાવ્યું હતું કે, બપોરના સમયે જ્યારે બાળકી ટીવી જોઈ રહી હતી ત્યારે આરોપી તેના ઘરે ગયો હતો અને જામફળ આપવાની લાલચ આપીને તેને સાથે લઈ ગયો હતો. તે કથિત રીતે બાળકીને નજીકના એક ખેતરમાં લઈ ગયો હતો, જ્યાં તેણે તેના પર બળાત્કાર ગુજાર્યો હતો અને બાદમાં તેની હત્યા કરી નાખી હતી. સાંજે જ્યારે બાળકી મળી ન હતી, ત્યારે તેના પરિવારે તેની શોધખોળ કરી હતી અને બાદમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

ગિલે કહ્યું હતું કે, "તપાસ અને વિસ્તારના સીસીટીવી ફૂટેજના વિશ્લેષણ દરમિયાન જાણવા મળ્યું હતું કે, બાળકી આરોપી સાથે હતી. ત્યાર બાદ આરોપીની અટકાયત કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન તેણે ગુનો કબૂલ્યો હતો અને શેરડીના ખેતરમાં ગુના વાળી જગ્યા બતાવી હતી."

# અમેરિકા-કેનેડા વચ્ચે અંતિમ ક્ષણે સમજૂતી, 50% ટેરિફ 3 દિવસ માટે મુલતવી

**ટ્રમ્પ-**કાર્ની વચ્ચે 2 દિવસમાં 2 વખત ફોન પર વાતચીત; કેનેડાએ કહ્યું- વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ, મહત્વપૂર્ણ મુદ્દા હજુ બાકી

**જો** ટેરિફ લાગુ થઈ ગયા હોત તો હોકી સ્ટિકથી લઈને તબીબી ઉપયોગમાં લેવાતી વસ્તુઓ સુધીની કેનેડિયન ચીજવસ્તુઓ મોંઘી થઈ જાત

વોશિંગ્ટન, તા. 19 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે કેનેડાથી આયાત થતી 20 અબજ ડોલરની ચીજવસ્તુઓ પર લાદવામાં આવનારા 50 ટકા ટેરિફને 3 દિવસ માટે મુલતવી રાખવાની જાહેરાત કરી હતી. બંને દેશો વચ્ચે પ્રતિબંધ લાગુ થવાના 2 કલાકથી પણ ઓછા સમય પહેલાં અંતિમ ક્ષણે સમજૂતી થતાં આ નિર્ણય લેવાયો છે.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર કહ્યું કે દસ્તાવેજોને અંતિમ સ્વરૂપ આપવાની શરતે અમેરિકા અને કેનેડા વચ્ચે સમજૂતી થઈ છે. જો ટેરિફ મંગળવારની મધ્યરાત્રીના 12.01 વાગ્યાથી લાગુ થઈ ગયા હોત તો હોકી સ્ટિકથી લઈને તબીબી ઉપયોગમાં લેવાતી વસ્તુઓ સુધીની કેનેડિયન ચીજવસ્તુઓ મોંઘી થઈ જાત. ઉલ્લેખનીય છે કે બંને જૂના સાથી દેશો વચ્ચે છેલ્લા થોડા સમયથી સંબંધો તણાવપૂર્ણ ચાલી રહ્યા છે.

કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ કહ્યું કે વાટાઘાટોમાં 'નોંધપાત્ર પ્રગતિ' થઈ છે, પરંતુ હજુ મહત્વપૂર્ણ કામ બાકી છે. તેમણે 3 દિવસની મુદતની પુષ્ટિ કરી હતી. છેલ્લા 2 દિવસમાં ટ્રમ્પ અને કાર્ની વચ્ચે 2 વખત ફોન પર વાતચીત થઈ હતી. કેનેડાએ નવા ટેરિફના જવાબમાં અમેરિકન માલ પર પણ જકાત લાદવાની ધમકી આપી હતી.

## પેજ 3

### સુનીતા આહુજાએ ગોવિંદા સામેનો છૂટાછેડાનો કેસ પાછો ખેંચ્યો

મુંબઈ, તા. 19: ગોવિંદાનાં પત્ની સુનીતા આહુજાએ ગોવિંદા સામેથી છૂટાછેડાનો કેસ પાછો ખેંચી લીધો છે. બુધવારે સુનીતાને તેમના પુત્ર યશવર્ધન સાથે મુંબઈમાં ફેમિલી કોર્ટમાં જોવામાં આવ્યાં હતાં.

ગોવિંદાના મેનેજર શશિ રંજને જણાવ્યું હતું કે "સુનીતાજીએ ગોવિંદા સામેનો છૂટાછેડાનો કેસ પાછો ખેંચી લીધો છે; કોઈ અલગાવ નથી. તેમણે જે પણ કહ્યું, તે સમયે તેમને એવું લાગ્યું હતું અને હવે તેમણે કેસ પાછો લઈ લીધો છે. આ આનંદના સમાચાર છે અને તેમણે જે કર્યું તે મને ગમ્યું. મારો એકમાત્ર અફસોસ એ છે કે આ બાબત ખૂબ જ સાર્વજનિક થઈ ગઈ, પરંતુ આવી વસ્તુઓ બનતી હોય છે. ગોવિંદાજી અને બાળકો આ નિર્ણય પ્રત્યે તટસ્થ છે. આ ફક્ત કોઈને પોતાની ભૂલ સમજાઈ હોવા અને ઘરે પાછા ફરવાનો કિસ્સો છે, અને તે સારી બાબત છે."

### ફિલ્મના સેટ પર કાર્તિક આર્યનના ઘૂંટણમાં ઈજા થઈ

મુંબઈ, તા. 19: કાર્તિક આર્યનને ફિલ્મમેકર કબીર ખાનની આગામી અનટાઇટલ્ડ ફિલ્મના શૂટિંગ દરમિયાન ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ છે. તે એક એક્શન સીનનું શૂટિંગ કરી રહ્યો હતો. આ ઈજા ફિલ્મના શૂટિંગના છેલ્લા શિડ્યૂલમાં થઈ હતી. શૂટિંગ બે દિવસ પછી પૂરું થવાનું હતું. ઈજા થયા પછી કાર્તિકને સારવાર માટે નગરની એક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. રિપોર્ટ મુજબ, કાર્તિક આ મુશ્કેલ એક્શન સીન પહેલાં એક્શન કોચ સાથે કડક ટ્રેનિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન એક સીનનું શૂટિંગ કરતી વખતે તેમના ઘૂંટણમાં ઈજા થઈહતી. પ્રોડક્શન સાથે જોડાયેલા એક સોર્સના જણાવ્યા અનુસાર, "કાર્તિકને હવે ફોર્ટિસ રાહેજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેમની સારવાર ચાલી રહી છે. ડોક્ટર એક દિવસ પછી તેમના ઘૂંટણની સર્જરી કરશે.

### સલમાન ખાનના પર્સનાલિટી રાઇટ્સ કેસમાં 'કાલા હિરણ'ના નિર્માતા સુપ્રીમ કોર્ટ પહોંચ્યા

નવી દિલ્હી, તા. ૧૯: નિર્માતા અમિત જાનીએ તેમની ફિલ્મ 'કાલા હિરણ: ધ બેટલ ફોર લેગસી' અંગે દિલ્હી હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. આ કાનૂની વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે અભિનેતા સલમાન ખાને તેમના વ્યક્તિત્વના અધિકારો (પર્સનાલિટી રાઇટ્સ)ના કથિત ઉલ્લંઘન બદલ વચગાળાનો સ્ટે લગાવવાની માંગ કરી હતી. અપીલમાં દલીલ કરવામાં આવી છે કે, હાઈકોર્ટે એ સાબિત કર્યા વિના જ રોક લગાવવાનો આદેશ જારી કરી દીધો કે, આ ફૂટેજે, ખાસ કરીને અભિનેતા સલમાન ખાનના વ્યક્તિત્વનું કઈ રીતે ઉલ્લંઘન કર્યું અથવા તેનો વ્યાવસાયિક રીતે દુરુપયોગ કર્યો.

# ભારત-પાકિસ્તાને એરસ્પેસ પ્રતિબંધ 24 સપ્ટેમ્બર સુધી લંબાવ્યો

**પહેલગામ** આતંકવાદી હુમલા બાદ બંને દેશોએ એકબીજાની એરલાઇન્સ માટે હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું હતું

ઇસ્લામાબાદ, તા. 19 (PTI) ભારત અને પાકિસ્તાને બુધવારે વિમાનો માટે પોતાના હવાઈ ક્ષેત્ર (એરસ્પેસ)નો પ્રતિબંધ 24 સપ્ટેમ્બર સુધી લંબાવ્યો છે. એમ દેશની એરપોર્ટ્સ ઓથોરિટી અનુસાર જાણવા મળ્યું છે.

એપ્રિલ 2025માં પહેલગામ આતંકવાદી હુમલા પછી પાકિસ્તાન અને ભારતે એકબીજાની એરલાઇન્સ પર સામસામે હવાઈ ક્ષેત્રના પ્રતિબંધો લાદ્યા હતા.

પાકિસ્તાન એરપોર્ટ્સ ઓથોરિટી દ્વારા બહાર પાડવામાં આવેલી નોટિસ ટુ એરમેન (નોટમ)માં જણાવવામાં આવ્યું છે કે, "પાકિસ્તાનનું હવાઈ ક્ષેત્ર ભારતીય-રજિસ્ટર્ડ વિમાનો અને ભારતીય એરલાઇન્સ/ઓપરેટર્સ દ્વારા સંચાલિત અથવા લીઝ પર લેવાયેલા વિમાનો, જેમાં લશ્કરી ઉડાન (મિલિટરી ફ્લાઇટ્સ) પણ સામેલ છે, તેમના માટે ઉપલબ્ધ નથી."

આ નિર્ણય 23 ઓગસ્ટના રોજ અગાઉના પ્રતિબંધની મુદ્દત પૂરી થાય તે પહેલાં આવ્યો છે.

નોટમ અનુસાર, આ એક્સ્ટેન્શન 23 ઓગસ્ટે સવારે 10:15 વાગ્યાથી અમલમાં આવશે અને 24 સપ્ટેમ્બરે સવારે 4:59 વાગ્યા સુધી અમલમાં રહેશે.

2022ના પાકિસ્તાન સિવિલ એવિએશન ઓથોરિટી (પીસીએએ)ના એક દસ્તાવેજ અનુસાર, દેશનું હવાઈ ક્ષેત્ર બે ફ્લાઇટ ઇન્ફર્મેશન રીજન્સ (એફઆઈઆર) - કરાચી અને લાહોરમાં વહેંચાયેલું છે.

આ નોટમ કરાચી અને લાહોર બંને એફઆઈઆરને લાગુ પડે છે.

ગયા વર્ષથી આ પ્રતિબંધ દર મહિને લંબાવવામાં આવી રહ્યો છે, જેના કારણે એરલાઇન્સ માટે નાણાકીય સમસ્યાઓ ઊભી થઈ છે અને મુસાફરો માટે મુસાફરીનો સમય વધી ગયો છે.

ગયા વર્ષે 26 લોકોના જાન લેનારા પહેલગામ આતંકી હુમલા બાદ પાકિસ્તાન સામે લેવાયેલા પગલાંના ભાગરૂપે ભારતે પણ પાકિસ્તાની-રજિસ્ટર્ડ તમામ વિમાનો, એરલાઇન્સ અને લશ્કરી ઉડાનો પર પરસ્પર હવાઈ ક્ષેત્રનો પ્રતિબંધ યથાવત રાખ્યો છે.

આ હુમલા બાદ બંને દેશોએ એકબીજાની એરલાઇન્સ માટે પોતપોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું હતું.

# કોલકાતાની હોટલમાં ભીષણ આગ: ૯નાં કરૂણ મોત

**મૃતકોમાં** 5 બાંગ્લાદેશના

**મિર્ઝા** ગાલિબ સ્ટ્રીટની 'શિકા ઇન'માં વહેલી સવારે દૂર્ઘટના; ફાયર બ્રિગેડે ૮૦ લોકોને સલામત રેસ્ક્યૂ કર્યા

કોલકાતા, તા. 19 : પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ન્યૂ માર્કેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બુધવારે વહેલી સવારે એક હોટલમાં ભયાનક આગ લાગી હતી. 15, મિર્ઝા ગાલિબ સ્ટ્રીટ સ્થિત જે હોટલમાં આગ લાગી તેનું નામ 'શિકા ઇન' છે. કોલકાતા પોલીસ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ કરુણ દુર્ઘટનામાં 2 મહિલાઓ અને 1 બાળક સહિત 9 લોકોનાં મોત થયાં છે. તેમાં 5 બાંગ્લાદેશી હતા.

આગ બુધવારે વહેલી સવારે લાગી જ્યારે હોટલમાં રોકાયેલા મોટા ભાગના લોકો ઊંઘી રહ્યા હતા. ધુમાડાના ગોટા અને જ્વાળાઓ ઊઠતી જોઈને પરિસરમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની અસંખ્ય ગાડીઓ તુરંત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી અને ભારે જહમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

ઘટના બાદ ફોરેન્સિક વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી છે. તો બીજી તરફ શહેરી વિકાસ મંત્રી અગ્નિમિત્રા પોલ અને ઉદ્યોગ મંત્રી તાપસ રોય ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

આ 9 મોત પર પશ્ચિમ બંગાળના મંત્રી કૌશિક ચૌધરીએ કહ્યું હતું કે, "અત્યાર સુધીમાં 9 લોકોનાં મોત થયાં હોવાની માહિતી છે. આગ લાગવા પાછળનું મુખ્ય કારણ હજી સુધી અમને જાણવા મળ્યું નથી. ફોરેન્સિક ટીમની તપાસ બાદ જ આગનું મુખ્ય કારણ જાણી શકાશે... અમે તુરંત આવી ગયા અને લોકોને બચાવ્યા નહીંતર 100 લોકોનાં મોત થઈ શક્યા હોત. 80 લોકોને આવી પરિસ્થિતિમાંથી રેસ્ક્યૂ કર્યા..."

# રશિયામાં બેન્ક થાપણો જપ્ત થવાનો ભય: લોકોએ બેન્કોમાંથી કરોડો રૂબલ ઉપાડ્યા

**ઓગસ્ટના** પ્રથમ 2 સપ્તાહમાં 286.4 અબજ રૂબલની રોકડ ઉપાડાઈ; સતત 7મા મહિને બેન્કિંગ સિસ્ટમમાંથી નાણાં બહાર નીકળ્યા

મોસ્કો, તા. 19 (પીટીઆઈ): રશિયામાં યુક્રેન સામેના યુદ્ધ માટે પ્રમુખ વ્લાદિમીર પુતિન લોકોની બેન્ક થાપણો પર કબજો કરી શકે તેવી વધતી આશંકા વચ્ચે લોકો બેન્કોમાંથી મોટી રકમ ઉપાડી રહ્યા છે. ઓગસ્ટના પ્રથમ 2 સપ્તાહમાં ચલણમાં રોકડનું પ્રમાણ 286.4 અબજ રૂબલ વધ્યું હતું.

ઓગસ્ટના દરેક કામકાજના દિવસે રશિયન બેન્કોમાંથી રોકડ બહાર નીકળી હતી. 12 ઓગસ્ટે સૌથી વધુ 56.8 અબજ રૂબલ ઉપાડવામાં આવ્યા હતા. જુલાઈમાં પણ રેકોર્ડ 620 અબજ રૂબલ ઉપાડાયા હતા. સેન્ટ્રલ બેન્કના આંકડા મુજબ રશિયન બેન્કિંગ સિસ્ટમમાંથી સતત 7મા મહિને નાણાં બહાર નીકળી રહ્યા છે. વિશ્લેષકોના મતે યુક્રેનના ડ્રોન હુમલા, આર્થિક નિરાશા અને કેમલિન થાપણો ફ્રીઝ કરી શકે અથવા ઉપાડ પર અચાનક મર્યાદા લાદી શકે તેવી આશંકા તેના કારણોમાં સામેલ છે. યુક્રેન મોસ્કોની ઓઈલ રિફાઈનરીઓ અને અન્ય આર્થિક સ્થળોને નિશાન બનાવી રહ્યું છે. રોકડની વધતી માગને કારણે બેન્કોમાં રૂબલની અછત સર્જાતા રશિયાની સેન્ટ્રલ બેન્કે બેન્કિંગ ક્ષેત્રને ધિરાણ વધાર્યું છે. દરમિયાન, રશિયન ટેલિગ્રામ ચેનલો પર બેન્ક થાપણો ફ્રીઝ થવાની અફવા ફેલાઈ હતી, જેને નાણામંત્રી એન્ટોન સિલુઆનોવે 'ફેક ન્યૂઝ' ગણાવી હતી. મોટી કંપનીઓ પણ સંપત્તિ જપ્ત થવાના ભયથી નાણાં વિદેશ ખસેડી રહી છે.

# તમિલનાડુના ધારાસભ્યોને સરકારી વાહન, દર મહિને રૂ. 1 લાખનું ભથ્થું

**મુખ્યમંત્રી** વિજયે આ જાહેરાત કર્યા બાદ TVK ધારાસભ્ય કે સિંધુએ ગીત ગાઈને મુખ્યમંત્રીનો આભાર માન્યો

**ધારાસભ્યો** પરનો આર્થિક બોજ ઘટાડવા, પારદર્શિતા વધારવા અને ભ્રષ્ટાચાર વિના સરકારી સેવાઓ લોકો સુધી પહોંચે તે માટે આ નિર્ણય લેવાયો

ચેન્નાઈ, તા. 19 (પીટીઆઈ): તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે બુધવારે રાજ્યના ધારાસભ્યો માટે મોટી જાહેરાત કરતાં તેમના મતવિસ્તારમાં લોકોની ફરિયાદોના નિવારણ માટે સરકારી વાહન અને દર મહિને રૂ. 1 લાખનું ભથ્થું આપવાની જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રીએ વિધાનસભામાં નિયમ 110 હેઠળ આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ધારાસભ્યોને વહીવટી કામગીરી અને વાહનના જાળવણી માટે દર મહિને રૂ. 75,000નું ભથ્થું આપવામાં આવશે, જેમાં ઈંધણ અને ડ્રાઈવરનો ખર્ચ સામેલ રહેશે. આ ઉપરાંત મતવિસ્તારના કામકાજમાં મદદ માટે વ્યક્તિગત સહાયક રાખવા દર મહિને રૂ. 25,000 આપવામાં આવશે.

વિજયે કહ્યું કે આ પગલાંનો હેતુ ધારાસભ્યો પરનો આર્થિક બોજ ઘટાડવા, પારદર્શિતા વધારવા અને ભ્રષ્ટાચાર વિના સરકારી સેવાઓ લોકોના ઘર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાનો છે. આ નિર્દેશોને ઔપચારિક સ્વરૂપ આપવા જરૂરી સુધારા કરવામાં આવશે. મુખ્યમંત્રીની જાહેરાતને સભામાં મેજ થપથપાવીને આવકારવામાં આવી હતી.

આ જાહેરાત બાદ સત્તારૂઢ ટીવીકેના ધારાસભ્ય કે. સિંધુ ખુશ થઈ ગયા અને વિજયના વખાણમાં ગીત ગાઈને તેમનો આભાર માન્યો. ગુડિયાત્તમ મતવિસ્તારના પ્રથમ વખત ચૂંટાયેલા ધારાસભ્ય સિંધુએ 1964ની ફિલ્મ 'પડાગોટ્ટી'નું 'કોડુથતેલ્લામ કોડુથાન' ગીત ગાયું હતું. તેમના મધુર અવાજથી મુખ્યમંત્રી વિજય, સ્પીકર જે.સી.ડી. પ્રભાકર અને અન્ય ધારાસભ્યો પણ ખુશ થઈ ગયા હતા.

બાદમાં સ્પીકરે સ્પષ્ટ કર્યું કે મુખ્યમંત્રીની જાહેરાત 234 સભ્યોની વિધાનસભાના તમામ ધારાસભ્યોને લાગુ પડશે.

# આઝમ ખાનના ટ્રસ્ટ અને યુનિવર્સિટી પર ઈડીના દરોડા

**જેલમાં** બંધ આઝમ ખાન સામે પીએમએલએ હેઠળ કેસ નોંધાયા બાદ કાર્યવાહી

લખનઉ, તા. ૧૯ (PTI): મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે પ્રવર્તન નિદેશાલય (ઈડી)એ બુધવારે જેલમાં બંધ સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનના મૌલાના મોહમ્મદ અલી જૌહર ટ્રસ્ટ અને યુનિવર્સિટી સાથે સંકળાયેલા પરિસરો પર દરોડા પાડ્યા હતા.

એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સીઆરપીએફની સુરક્ષા ટીમની હાજરીમાં રાજ્યના રામપુર અને સહારનપુર તેમ જ દિલ્હીના જામિયા નગરમાં આવેલા લગભગ ૧૦ પરિસરોની તલાશી લેવામાં આવી રહી હતી. કેન્દ્રીય એજન્સી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કેસ નોંધ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ પરિસરોમાં સહારનપુરના એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, બે કંપનીઓ અને તેમના પ્રમોટર્સનો સમાવેશ થાય છે, જેઓ ટ્રસ્ટ સાથે સંકળાયેલા છે.

ઈડી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ તપાસ ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા સરકારી કોન્ટ્રાક્ટના ફંડના કથિત ડાયવર્ઝન (અન્યત્ર ટ્રાન્સફર કરવા) અને ત્યાર બાદ તેના ઉપયોગ, જેમાં ટ્રસ્ટ અને યુનિવર્સિટીની સંપત્તિઓનું નિર્માણ કરવાનો સમાવેશ થાય છે, તેને લગતી છે. લખનઉ સ્થિત આ ટ્રસ્ટમાં રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી ખાન, તેમના પરિવારના કેટલાક સભ્યો અને સહયોગીઓ સાથે મુખ્ય ટ્રસ્ટી તરીકે છે. તે રામપુર જિલ્લામાં ૨૦૦૬માં સ્થપાયેલી મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટી અને એક પબ્લિક સ્કૂલ ચલાવે છે. આ યુનિવર્સિટી તાજેતરમાં ત્યારે સમાચારમાં આવી હતી જ્યારે રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટી (આરડીએ)એ જુલાઈમાં યુનિવર્સિટી પ્રશાસનને તેની ૪૦માંથી ૩૮ ઈમારતોને તોડી પાડવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં આક્ષેપ કરાયો હતો કે ઉત્તર પ્રદેશ અર્બન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૩ હેઠળ મંજૂર કરાયેલા બિલ્ડિંગ પ્લાન વગર આ બાંધકામ કરવામાં આવ્યું હતું.